# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/09/2025** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **વલસાડના કપરાડામાં 10 ઇંચ જેટ લા સાંબેલાધાર વરસાદ સાથે 242 તાલુકાઓમાં વરસાદ વરસ્યો.**
2. **ધરોઇ ડેમ, સંત સરોવરમાંથી સાબરમતી નદીમાં પાણીની આવક વધતા સફેદ સિગ્નલ અપાયું.**
3. **પાવાગઢમાં સર્જાયેલી રોપવે દૂર્ઘટનાની તપાસ માટે રચાયેલી ટેકનિકલ તપાસ સમિતિ સરકારને તપાસ અહેવાલ રજૂ કરશે.**
4. **મહિસાગરના હાઇડ્રો પ્લાન્ટમાં સર્જાયેલી દુર્ઘટનમાં પાંચેય કર્મચારીઓના મૃતદેહ મળ્યાં.**
5. **બનાસકાંઠાના ચંડીસરમાંથી બનાવટી ઘી બનાવતી ફેકટરી ઝડપાઇ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# STATE RAIN

રાજ્યમાં શ્રીકાર વરસાદ વરસ્યો છે. ગઇકાલે સવારના છ વાગ્યાથી આજે મળસ્કે ચાર વાગ્યા સુધીમાં **242** તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડના કપરાડામાં દસ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે સાબરકાંઠાના પોશીનામાં સાડા પાંચ ઇંચ કરતા વધુ વરસાદ વરસ્યો હતો..

ધરમપુર, રાધનપુર, ઉમરગામ અને ભચાઉમાં **4** ઇંચ જેટલો વરસાદ નોધાયો છે.

અમદાવાદમા ગઇકાલ સવારથી ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં **1** થી સવા ઇંચ જેટલો વરસાદ નોધાયો છે વાસણા બેરેજમાં **60** હજાર **543** ક્યુસેક પાણીની આવક થતાં **27** દરવાજા ખોલી **25** હજાર **682** ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. વાસણા બેરેજમાં સફેદ સિગ્નલ આપીને આગમચેતી રાખવા જણાવ્યું છે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે ગઇકાલે જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે જેમાં સૌથી વધુ રાધનપુર તાલુકામાં **4** ઇંચ પાટણ- સિધ્ધપુર અને સાંતલપુર તાલુકામાં **3** ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે ચાણસ્મા, હારીજ, સરસ્વતી, સમીમાં તાલુકામાં **2** ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

ભારે વરસાદના કારણે રાજકોટ તાલુકા પાસેનો ફાડદંગ બેટી ડેમ ઓવર ફ્લો થતા બેડલા, જામગઢ, લાંબા કોટડી, ફાડદંગ, રફાળા, રામપરા, મઘરવાડા, પારેવાળા ગામના લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના અપાઈ છે.

દરમિયાન ગઇકાલે સવારે વાડીએથી પરત ફરતા મોવૈયા પાસે વોકળામાં તણાયેલા વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો છે. વરસાદના કારણે લાલપરી જળાશય ઓવર

ફ્લો થતાં અસરગ્રસ્ત વિસ્તારમાં આવતા રાજકોટના નવાગામ તથા બેડી ગામના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવાની સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર સંત સરોવર પાણીની આવકમાં થયો તથા 21 દરવાજા ખોલવામાં આવતા સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. નિચાણવાળા વિસ્તારો અને ગામોને એલર્ટ કરાયા છે.

છોટા ઉદેપુર જિલ્લામાં ભારે વરસાદને પગલે રામી ડેમ ભરાઈ જતાં જિલ્લા કલેકટરે ડેમ વિસ્તારની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો

---

## PAVAGADH ROPEWAY ACCIDENT

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાંથી નીજ મંદિર સુધી બાંધકામ માટેની સાધન સામગ્રી લઈ જવા તૈયાર કરાયેલા ઉડનખટોલાના તાર તૂટી જતાં છ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં 2 લિફ્ટ સંચાલક, 2 શ્રમિક અને અન્ય બે લોકોએ જીવ ગુમાવ્યા છે.

આ ઘટનાના ચોક્કસ કારણો જાણવા માટે ટૅક્નિકલ ટુકડી દ્વારા તપાસ હાથ ધરાઈ હોવાનું સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

## બાઇટ- ઋષિકેશ પટેલ

---

## KHARIF PAK

ખરીફ પાકનું ટેકાના ભાવે વેચાણ કરવા થયેલી નોંધણીમાં દર્શાવેલા પાક અને સરવે નંબરનો ડિજિટલ ક્રોપ સરવે તથા સેટેલાઈટ તસવીર આધારિત

ચકાસણી કરાશે. સત્તાવાર યાદી મુજબ , મગફળી પાક માટે થયેલી નોંધણીનું સેટેલાઈટ તસવીર આધારિત ચકાસણી શરૂ કરાયું છે.

ખેડૂતોએ જે સરવે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તે જ સરવે નંબરની ઇ-સમૃદ્ધિ પૉર્ટલ પર નોંધણી કરાવવા ખેતી નિયામક કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

---

# GSRTC GIFT CITY SUMMIT

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTC દ્વારા ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે "નેશનલ મોબિલિટી એવોર્ડ્સ અને સમિટ-2025" યોજાઈ. એક દિવસના સંમેલનમાં પરિવહન ક્ષેત્રે ભવિષ્યના પડકાર અને નવી તક માટેના ઉકેલ પર વિસ્તૃત ચર્ચા થઈ.

સંમેલનમાં GSRTC અને ભારતીય સ્ટેટ બૅન્ક—SBI વચ્ચે સમજૂતી કરાર થયા. SBIના અધિકારીએ કહ્યું, GSRTC સાથેની આ ભાગીદારી ભારતમાં ટકાઉ પરિવહનને વધુ વેગ આપશે. ઉપરાંત સંમેલનમાં ઇલેક્ટ્રૉનિક વાહનના ચાર્જિંગ માળખા , ડિજિટલ ટિકિટીંગ, કૃત્રિમ બુદ્ધિમત્તા – AI આધારિત ફ્લિટ મેનેજમેન્ટ અને નૉન-ફેર રેવન્યૂ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ.

---

## CRIME BRANCH ARREST

**ગાઝા પીડિત બની મસ્જિદોમાંથી ફંડ ઉઘરાવનારા ત્રણ સીરિયન નાગરિકની ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી છે. અગાઉ ક્રાઇમ બ્રાંચે એક આરોપીની ધરપકડ કરી હતી**

જ્યારે અન્ય ત્રણ ફરાર થઇ ગયા હતા. ફરાર ત્રણે આરોપીઓની શોધખોળ બાદ ક્રાઇમ બ્રાંચે દિલ્હી એરપોર્ટ પરથી ત્રણેની ધરપકડ કરી હતી.

પકડાયેલા ત્રણે આરોપીઓની પૂછપરછ કરીને પોલીસ વધુ વિગતો બહાર લાવશે. તેમ અમદાવાદ ક્રાઇમ બ્રાંચના એસીપી ભરત પટેલે જણાવ્યું હતું.

## બાઇટ - ભરત પટેલ , એસીપી ક્રાઇમ , અમદાવાદ

---

## AJANTA HYDRO POWER PROJECT

અંજતા હાઇડ્રો પાવર પ્રોજેક્ટમાં મહીસાગર નદીના પાણી અચાનક ઘૂસી જતા ડૂબી ગયેલા તમામ શ્રમિક ના મૃતદેહ મળી આવ્યા છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના તાત્રોલી પાસે આવેલ અંજતા હાઇડ્રો પાવર પ્રોજેક્ટમાં ગુરુવારે બપોરે મહીસાગર નદીના પાણી અચાનક ઘૂસી જતા હાઇડ્રો પાવર પ્રોજેક્ટમાં કામ કરતા 15 કામદારો માંથી 5 કામદારો પાણી માં ડૂબી ગયા હતા. વહીવટી તંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

NDRF દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું જેમાં 4 શ્રમિકોના મૃત દેહ મળ્યા હતા. પાંચમાં શ્રમિક નો મૃતદેહ ગઇકાલે સાજે મળી આવ્યો છે. તમામ મૃતદેહ લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે પોસ્મોર્ટમ માટે લાવવામાં આવ્યા હતા અને વહીવટી તંત્ર દ્વારા સર્ચ ઓપરેશન પૂર્ણ જાહેર કરવામાં આવ્યું હતું. તમામ મૃતદેહના પીએમ બાદ પરિવારને સોંપવામાં આવશે .

---

# AMBJI MELO

ભક્તિ શક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ શક્તિપીઠ અંબાજી ખાતે ચાલતા ભાદરવી પૂનમ મહામેળાનો આજે અંતિમ દિવસ છે, આ મેળો દર વર્ષે ભાદરવા સુદ નોમથી પ્રારંભ થાય છે અને પૂનમ સુધી ચાલે છે, અંદાજિત 40 લાખ માઈ ભક્તો પગપાળા સંઘ લઈ અંબાજી ખાતે પધારે છે, માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે સાથે નવરાત્રિમાં પધારવા માટે આમંત્રણ આપે છે,

આજે પૂનમના ચંદ્ર ગ્રહણ હોવાથી દર્શનનો સમય 12:30 વાગ્યા સુધીનો રહેશે, 12:30થી 5 વાગ્યા સુધી જાળીમાંથી દર્શન કરી શકાશે. જ્યારે 5 વાગ્યાથી મંદિર માઈ ભક્તો માટે સંપૂર્ણ બંધ રહેશે, 12 વાગ્યા સુધી ધજા ચડશે.

---

# FOOD AND DRUGS SEIZED GHEE

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની બનાસકાંઠા વર્તુળ કચેરી દ્વારા ઘી બનાવી લાઈસન્સ વગરના ચંડીસર જી.આઇ.ડી.સી એરીયાના પ્લોટના ગોડાઉન પર આકસ્મિક દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં તપાસ કરતાં ભેળસેળ યુક્ત ઘીના 15 કિલોગ્રામના 124 ટીન અને લેબલ વગરના ઘીના 15 કિલોગ્રામ પેક ટીનના 232 નંગનો શંકાસ્પદ જથ્થો હતો. આ ઘીના કુલ 2 નમુનાઓ ચકાસણી અર્થે લઈ બાકીનો આશરે 5.5 ટનનો 35 લાખ રૂપિયાનો જથ્થો સીઝ કરાયો હતો.

ઉત્પાદક પેઢી શ્રી સેલ્સની તપાસ કરતાં ત્યાં ઘી કે અન્ય કોઈ રો-મટીરિયલ્સનો કોઈ જથ્થો માલૂમ પડેલ ન હતો. ઉત્પાદન સ્થળે પામ ઓઇલના ખાલી બોક્સનો જથ્થો મળતા ઉક્ત ઘીમાં પામ ઓઇલની ભેળસેળ કર્યા હોવાની પ્રબળ આશંકા ના આધારે

કાર્યવાહી કરવામાં આવી હોવાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્રના વડા ડોક્ટર હેમંત કોષિયાએ જણાવ્યું હતું.

## બાઇટ- ડો.એચ.જી. કોષિયા

---

## GUJCOST

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આજે અને આવતીકાલે - બ્લડ મૂન તરીકે ઓળખાતા સંપૂર્ણ ચંદ્રગ્રહણ છે- નિમિત્તે એક ખાસ જાહેર આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે.

આ અવકાશી ગ્રહણ 82 મિનિટ સુધી ચાલશે, જે આ દાયકાના સૌથી લાંબા ગ્રહણોમાંનું એક બનશે. 27 જુલાઈ 2018 પછી પહેલીવાર, આખો દેશ સંપૂર્ણ ચંદ્રગ્રહણ જોઈ શકશે. આગામી પૂર્ણ ચંદ્રગ્રહણ 31 ડિસેમ્બર 2028ના રોજ થશે, જ્યારે આંશિક ગ્રહણ 3 માર્ચ 2026ના રોજ દેખાશે.

આ પ્રસંગને ચિહ્નિત કરવા માટે ગુજકોસ્ટનાં રાજકોટ, પાટણ, ભાવનગર અને ભુજ ખાતેના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો, તેમજ ગુજરાતભરના તમામ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો, જાહેર જનતા માટે તારીખ 7મી સપ્ટેમ્બરે મોડી રાત સુધી ખુલ્લા રહેશે. ટેલિસ્કોપથી સજ્જ અને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવતા, આ કેન્દ્રો વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિજ્ઞાન ઉત્સાહીઓ અને નાગરિકોને ગ્રહણનો અનુભવ કરવા માટે આવકારવા માટે તૈયાર છે.

---